Saturday
09.05.2026
✳Volume :10 ✳ Issue No.302


✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com


✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-



સોમનાથ

सोमलिङ्गं नरो दृष्ट्वा सर्वपापैः प्रमुच्यते।
लभते फलं मनोवाञ्छितं मृतः स्वर्गं समाश्रयेत्॥



# સોમનાથ
## વિરાસતના ૭૫ વર્ષ

સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે.
૧૦૦૦ વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે.
૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો.
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવન ભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદ્ઘોષ કરી રહી છે.

### આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો

મુખ્ય કાર્યક્રમો
કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ | સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન
સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન

“સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે.”
શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

**શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬**

“સોમનાથની વિરાસતનો આ મહોત્સવ આપણી નવી પેઢીને ગૌરવશાળી ઇતિહાસ અને સનાતન સંસ્કારો સાથે જોડવાનું મહાપર્વ છે.”
— શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી



સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને ગૌરવશાળી ઇતિહાસનો ભાગ બનો.
**સ્કેન કરો.**

# રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ૧૧મો પદવીદાન સમારોહ સંપન્ન

## રાજ્યપાલશ્રીના હસ્તે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ કિશોર મકવાણાને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર' એનાયત





## ઉત્કૃષ્ઠ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને સુવર્ણ તેમજ રજત ચંદ્રક અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા, કુલ ૨૨,૭૭૦ વિદ્યાર્થીઓને પદવી અપાઈ

કમલમ્,

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ૧૧મો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આ સંસ્થા એવા વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ છે, જેઓ વિષમ પરિસ્થિતિઓને કારણે શિક્ષણથી વંચિત રહી ગયા હોય. આ માટે તેમણે કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય અને તેમની ટીમને યુનિવર્સિટીના સફળ સંચાલન અને સંસ્થાની પ્રગતિ માટે અભિનંદન પાઠવ્યા હતા. શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંઘર્ષોને યાદ કરતાં સામાજિક સમાનતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, વેદો અને શાસ્ત્રોમાં ક્યાંય જાતિવાદ કે ભેદભાવનો ઉલ્લેખ નથી, પરંતુ મધ્યકાળમાં ખોટી વ્યાખ્યાઓ દ્વારા સમાજમાં દીવાલો ઊભી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, સાચો મનુષ્ય એ જ છે જે બીજાના દુઃખને સમજી શકે. રાજ્યપાલશ્રીએ અનુસૂચિત જાતિ અને જનજાતિના પરિવારો સાથે ભોજન લઈને સામાજિક સમરસતા વધારવાના પોતાના અનુભવો વિશે પણ વિગતવાર વાત કરી હતી. યુવાનોને પ્રેરણા આપતા તેમણે જણાવ્યું કે, માત્ર ડિગ્રી મેળવવી એ જ પૂરતું નથી, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવી પણ અનિવાર્ય છે. તેમણે વિદ્યાર્થીઓને પર્યાવરણ રક્ષણ, જળ સંરક્ષણ, ગૌ-સેવા અને પ્રાકૃતિક ખેતી જેવાં અભિયાનોમાં જોડાવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે યુવાનોને નવાં સંશોધનો અને સ્ટાર્ટઅપ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. તેમણે ઉમેર્યું કે, ગાર્ગી, મૈત્રેયી, લોપામુદ્રા જેવી વિદ્વાન નારીઓ આપણા દેશમાં જન્મી હોવા છતાં, મધ્યકાલીન સમયમાં ખોટી વ્યાખ્યાઓના કારણે આપણા દેશમાં સ્ત્રીશિક્ષણનો વિરોધ પણ થયો હતો. પરંતુ, આજે દેશ સમરસતા અને સમાનતાની દિશામાં નવા આયામો સર્જી રહ્યો છે. ત્યારે શિક્ષણ સહિતનાં વિવિધ ક્ષેત્રે દીકરીઓ તમામ રેકોર્ડ તોડી રહી છે, જે સ્ત્રી સશક્તીકરણનું ઉત્તમ ઉદાહરણ છે. ન્યાયતંત્રથી લઈને સંરક્ષણ ક્ષેત્ર સુધી દીકરીઓ પોતાની પ્રતિભા સાબિત કરી રહી છે. અંતમાં, તેમણે તમામ પદવીધારકોને દેશની એકતા અને અખંડિતતા માટે કામ કરવા અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ અવસરે રાજ્યપાલશ્રીના હસ્તે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ શ્રી કિશોર મકવાણાને 'ડૉ. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના નવા અભ્યાસક્રમો અને 'પદ્મ' પોડકાસ્ટનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ શ્રી કિશોર મકવાણાએ ગૌરવભેર જણાવ્યું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી એ તેમના માટે પોતાના ઘરઆંગણા જેવી સંસ્થા છે, જ્યાં સન્માનિત થયાનું ગૌરવ વ્યક્ત કર્યું હતું. તેમણે રાજ્યપાલશ્રીના હસ્તે આ સન્માન મેળવવા અંગે કહ્યું કે જેમનું સમગ્ર જીવન સમરસતાનું અનેરું ઉદાહરણ છે, તેમના હાથે આ ગૌરવ પ્રાપ્ત કરવું એ વિશિષ્ટ ક્ષણ છે. વધુમાં, તેમણે ડૉ. આંબેડકરે વર્ષ-૧૯૫૩માં રાજ્યસભામાં કરેલા ઉદ્બોધનનો અંશ ટાંકીને રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું કે ન્યાય, અધિકાર અને સમતા એ જ આ આયોગનો પથ છે. પૂ. ઠક્કરબાપા અને ડૉ. આંબેડકર વચ્ચેના પત્રાચારમાં પણ સમાજમાં બંધુત્વ અને ભ્રાતૃભાવ માટે કાયદા કરતાં પ્રેમ અને આત્મીયતાને જ મહત્ત્વના ગણાવાયા છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ તકે સર્વોચ્ચ ન્યાયાલયના પૂર્વ ન્યાયાધીશ સુશ્રી બેલા ત્રિવેદીએ જણાવ્યું કે, આજના પદવીદાન સમારોહમાં મને ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો તે આનંદ અને ગૌરવપૂર્ણ ક્ષણ છે. તેમણે ઉપસ્થિત સૌ વિદ્યાર્થીઓને અભિનંદન સહ ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓની આંતરિક શક્તિને ખીલવાની તક આપી યુનિવર્સિટીની સમગ્ર ટીમને પણ અભિનંદન આપ્યા હતા. તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકરને યાદ કરતાં કહ્યું કે, તેઓ એક એવા પ્રખર શિક્ષણવિદ હતા. તેમના નામે ઓપન યુનિવર્સિટી શરૂ કરી રાજ્ય સરકારે ખરા અર્થમાં તેમને સ્મરણાંજલિ અર્પી છે. તેમણે માહિતી અને શિક્ષણ વચ્ચેની ભેદરેખા સમજાવતા વિદ્યાર્થીએ માહિતીનો ભંડાર નહીં, પણ વિચારશીલ નાગરિક બનવા પર ભાર મૂક્યો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રા. અમી ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. આ ઉપરાંત, યુનિવર્સિટી દ્વારા થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધિઓ વિશે માહિતગાર કર્યા હતા. ૧૧મા પદવીદાન સમારોહમાં કુલ ૨૨,૭૭૦ વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જેમાં Ph.D. પદવી ઉપરાંત ૧૨,૦૦૮ સ્નાતક, ૫૬૩૬ અનુસ્નાતક, ૩૦ પીજી ડિપ્લોમા, ૧૦૪૧ ડિપ્લોમા અને ૪૦૫૪ સર્ટિફિકેટ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, યુનિવર્સિટીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં ૩૭ સુવર્ણ ચંદ્રક, ૪૦ રજત ચંદ્રક અને ૪૧ સર્ટિફિકેટ મળીને કુલ ૧૧૮ પુરસ્કારનો સમાવેશ થાય છે. આ પદવીદાન સમારોહમાં વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ, પ્રાધ્યાપકો, પદવી મેળવનારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

કડાણા તાલુકાના ઘાસવાડા ખાતે શ્રી ધનાભાઈ રામાભાઈ ખાંટ ના નિવાસ સ્થાને આયોજીત તેમની સુપુત્રીઓ ચિ. રેખા અને ચિ. પાર્વતી ના શુભ લગ્ન પ્રસંગે ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહી નવ યુગલને સુખી દાંપત્યજીવનના આશીર્વાદ આપ્યા. આ તકે સંતરામપુર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી હરીશભાઈ વળવાઈ, બકાભાઈ પટેલ, અભેસિંગભાઈ ડામોર, રમેશભાઈ અને કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.



કમલમ્,

સંતરામપુર તાલુકાના ભોટવા ખાતે ગોઠીબ જિલ્લા પંચાયતના સભ્યશ્રી કેતનભાઈ સરદારસિંહ બારીયાના નિવાસ સ્થાને ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે શુભેચ્છા મુલાકાત લીધી. આ તકે સરપંચશ્રી અશોકભાઈ રાઠોડ, સંતરામપુર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, શાંતીલાલ પટેલ, સચિન શાહ, અરવિંદભાઈ પટેલ અને કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

## યુવાનો માટે ખુશખબર: રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં ડ્રોન ટેકનિશિયન અને ફાયરમેન બનવાની નિ:શુલ્ક તક



કમલમ્,

ગાંધીનગર જિલ્લાના દહેગામ નજીક આવેલ લવાડ ગામ સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ યુવાનો માટે નિ:શુલ્ક તાલીમ વર્ગોની જાહેરાત કરવામાં આવી છે. સાદર પ્રોજેક્ટ અંતર્ગત ડ્રોન ટેકનિશિયન તથા ફાયરમેન જેવા રોજગારલક્ષી કોર્સની તાલીમ આપવામાં આવશે. સાદર અભ્યાસક્રમો પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીઓને સ્કીલ ઈન્ડિયા અંતર્ગત મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટ્રપ્રેન્યોરશીપ દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. RRU દ્વારા તાલીમાર્થીઓને નોકરી મેળવવા માટે પ્લેસમેન્ટ સહાય પણ પૂરી પાડવામાં આવશે. વધુમાં ફાયરમેન કોર્સ માટે રહેવા તથા જમવાની સુવિધા સંપૂર્ણપણે નિ:શુલ્ક રહેશે. ૧૮ થી ૩૫ વર્ષના રસ ધરાવતા ઉમેદવારોએ ૧૫ મે, ૨૦૨૬ સુધીમાં જરૂરી દસ્તાવેજો સાથે યુનિવર્સિટીના હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરી નોંધણી કરાવી લેવી અનિવાર્ય છે.

## કામરેજના શિક્ષણ વિકાસને નવી દિશા : ત્રણ સરકારી શાળાઓના નવા બાંધકામને રાજય સરકારની મંજૂરી

### માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબ તથા શિક્ષણ વિભાગનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



કમલમ્, સુરત,

કામરેજ વિસ્તારના વિદ્યાર્થીઓને આધુનિક અને સુવિધાસભર શૈક્ષણિક માળખું પ્રાપ્ત થાય તે દિશામાં રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારી માધ્યમિક શાળાઓના નવા બાંધકામ માટે મંજૂરી આપવામાં આવતા કામરેજ વિસ્તારને શિક્ષણ ક્ષેત્રે નવી ભેટ મળી છે. કામરેજ વિસ્તારની ત્રણ મહત્વપૂર્ણ સરકારી શાળાઓને નવા બાંધકામ માટેની વહિવટી મંજૂરી ફાળવવામાં આવી છે. જેમાં—

- ગવર્નમેન્ટ સેકન્ડરી સ્કૂલ, વેલંજા માટે રૂપિયા ૫.૮૪ કરોડ
- ગવર્નમેન્ટ સેકન્ડરી સ્કૂલ, કામરેજ (નહેર વિસ્તાર) માટે રૂપિયા ૪.૮૫ કરોડ
- ગવર્નમેન્ટ સેકન્ડરી સ્કૂલ, કઠોદરા માટે રૂપિયા ૪.૮૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.

આ તમામ શાળાઓ માટેની જગ્યા તથા પ્રાથમિક આયોજન તે સમયગાળા દરમિયાન નક્કી કરવામાં આવ્યું હતું જ્યારે શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા શિક્ષણ મંત્રી તરીકે જવાબદારી સંભાળી રહ્યા હતા. હવે રાજ્ય સરકાર દ્વારા આ વિકાસ કાર્યોને સત્તાવાર મંજૂરી મળતા વિસ્તારના વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષણજગતમાં આનંદની લાગણી વ્યાપી છે. આ અવસરે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબ તથા સમગ્ર શિક્ષણ વિભાગનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે અને ગ્રામ્ય તથા વિકાસશીલ વિસ્તારોના વિદ્યાર્થીઓને શહેર જેવી આધુનિક શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. શ્રી પાનશેરીયાએ વધુમાં ઉમેર્યું હતું કે નવા બાંધકામોથી વિદ્યાર્થીઓને ઉત્તમ અભ્યાસ માહોલ, સુરક્ષિત ઈમારતો અને ગુણવત્તાસભર શિક્ષણ માટે જરૂરી આધુનિક સુવિધાઓ મળશે, જે ભવિષ્યમાં સમગ્ર વિસ્તારના શૈક્ષણિક વિકાસ માટે માઈલસ્ટોન સાબિત થશે. રાજ્ય સરકારના શિક્ષણલક્ષી અભિગમથી કામરેજ વિસ્તારના વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્યને વધુ મજબૂત આધાર પ્રાપ્ત થયો છે.

## શ્યામલ મધ્યે ભક્તોના સંકટ હરનાર, શાસનના જાગૃત રક્ષક દેવ શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ નું પૂજન-હવન યોજાયું.

### દાદાની કૃપાથી જીવનમાં આત્મબળ, હિંમત, સુખ-શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત થાય છે-મુનિશ્રી નયશેખર મહારાજ સાહેબ



કમલમ્,

શ્યામલ મધ્યે ભક્તોના સંકટ હરનાર, શાસનના જાગૃત રક્ષક દેવ મહુડી તીર્થના શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ નું પૂજન-હવન યોજાયું. જેમાં માનવતાના મસીહા પ.પૂ.આ.ભ.શ્રીમદ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના દિવ્ય આશીર્વાદથી અને શ્રી ગીરીશભાઈ પારેખના જન્મદિવસ નિમિત્તે પૂજન-હવન નું આયોજન કરવામાં આવેલ. આ પૂજન-હવન સંપન્ન થયેલ. આ પૂજન સવારે ૯.૦૦ કલાકે પ્રારંભ થયેલ. આ પ્રસંગે માનવતાના મસીહા પ.પૂ.આ.ભ.શ્રીમદ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ.પૂ.મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબની નિશ્રામાં શ્રી ઘંટાકરણ વીર દાદાનું પૂજન-હવન યોજાયેલ. આ સંપૂર્ણ પૂજન-હવન નો લાભ શ્રીમતિ જ્યોત્સનાબેન ગિરીશભાઈ પારેખ પરિવારે લાભ લીધેલ. આ પૂજન-હવન વિધિવિધાન શ્રી રાજુભાઈ પાટણવાળા એ કરાવેલ. શ્રી ઘંટાકરણ વીર દાદાના પૂજનના પ્રારંભમાં અષ્ટપ્રકારી પૂજા કરવામાં આવેલ. ત્યારબાદ હવનનો પ્રારંભ થયેલ. જેમાં વિશિષ્ટ ૧૦૮ મંત્રો સાથે આહુતિ આપવામાં આવેલ. જેમાં સુખડ, ચંદનના અને નવગ્રહના લાકડા, ઘી, હવન સમીધા વિગેરે થી આહુતિ આપવામાં આવેલ. આહુતિ બાદ મોટી શાંતિના પાઠ સાથે ગોળો હોમવામાં આવેલ. ત્યારબાદ સુખડી અને શ્રીફળ વધેરીને આરતી વિગેરે થયેલ. આ પ્રસંગે પ.પૂ.મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબ એ જણાવેલ કે જૈન શાસનમાં શ્રી ઘંટાકર્ણ વીર દાદા અતિ પ્રભાવક અને જાગૃત શાસનરક્ષક દેવ તરીકે માનવામાં આવે છે. ભક્તોના દુઃખ દૂર કરનાર, ભયનો નાશ કરનાર અને સંકટ સમયે સહાય કરનાર એવા શ્રી ઘંટાકર્ણ વીર દાદા પ્રત્યે અખૂટ શ્રદ્ધા અને ભક્તિ જોવા મળે છે. શ્રી ઘંટાકર્ણ વીર દાદાનું નામ લેતાં જ ભક્તોના મનમાં અદભૂત આત્મવિશ્વાસ અને નિર્ભયતા ઉત્પન્ન થાય છે. માન્યતા છે કે દાદાની ભક્તિથી ભય, અવરોધ, નકારાત્મકતા અને દુઃખ દૂર થાય છે. ખાસ કરીને "સુખડી"નો પ્રસાદ અર્પણ કરીને કરવામાં આવતી આરાધના ખૂબ જ પ્રખ્યાત છે. ગુજરાતના મહુડી તીર્થમાં શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનું પવિત્ર સ્થાન લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. ત્યાં ભક્તિભાવથી કરાયેલ પ્રાર્થના અનેક લોકોના જીવનમાં શાંતિ, સુખ અને આધ્યાત્મિક શક્તિનો અનુભવ કરાવે છે. આ પ્રસંગે અમદાવાદ, પાટણ, શંખેશ્વર, થરા વિગેરે થી ભાવિકો પધારી પૂજન-હવનના દર્શન કરી લાભ લીધેલ.

**શ્રી ઘંટાકર્ણ વીર દાદાની આરાધના આપણને શીખવે છે.**

૧) ધર્મની રક્ષા કરવી,

૨) સત્યના માર્ગે ચાલવું,

૩) નિર્ભય બનીને સદાચાર અપનાવવો,

૪) પ્રભુપ્રતિ શ્રદ્ધા રાખવી.

## 'થેલેસેમિયા મુકત ગુજરાત'ના સંકલ્પ સાથે રાજય સરકારની સઘન ઝુંબેશ

### રાજ્યની તમામ મેડિકલ કોલેજ હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ ખાતે થેલેસેમિયા ટેસ્ટિંગની સુવિધા વિનામૂલ્યે ઉપલબ્ધઃ આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



કમલમ્,

ગુજરાતના નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારીને વરેલી રાજ્યસરકાર દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં 'થેલેસેમિયા મુક્ત ગુજરાત' ના સંકલ્પ સાથે રાજ્યવ્યાપી જનજાગૃતિ અને નિદાન કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. થેલેસેમિયા એ એક આનુવંશિક રક્ત વિકાર છે, જેને વહેલી તપાસ અને યોગ્ય સાવચેતી દ્વારા તેને અટકાવી શકાય છે. થેલેસેમિયા એ લોહીમાં થતી વંશાનુક્રમિક ખામી છે, જેના કારણે શરીરમાં પૂરતા પ્રમાણમાં હિમોગ્લોબિન અને લાલ રક્તકણો બની શકતા નથી. આ ખામી ગંભીર એનિમિયા તરફ દોરી જાય છે. રાજ્યમાં સ્વસ્થ ગુજરાતના નિર્માણ માટે ભાવિ પેઢી સ્વસ્થ હોય તે અત્યંત આવશ્યક છે. જેના પરિણામે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની આગેવાનીમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની તમામ મેડિકલ કોલેજ હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ ખાતે સગર્ભા મહિલાઓ અને યુવાનો માટે થેલેસેમિયા ટેસ્ટિંગની સુવિધા સંપૂર્ણપણે વિનામૂલ્યે ઉપલબ્ધ છે. થેલેસેમિયાના દર્દીઓ માટે જરૂરી 'ડેફેરાસિરોક્સ' (Deferasirox) ટેબ્લેટ અને ઈન્જેક્શન ડિફેરોક્સામિન (Inj. Desferoxamine)ની પૂરતી વ્યવસ્થા રાજ્યમાં કરવામાં આવી છે. 'થેલેસેમિયા મેજર' પીડિત બાળકોને નિયમિત લોહી ચડાવવા માટે ડે-કેર સેન્ટર્સ અને બ્લડ બેંકોનું નેટવર્ક રાજ્યમાં વધુ સુદ્રઢ કરાયું છે, જેથી દર્દીઓને ઘરઆંગણે જ શ્રેષ્ઠ સારવાર મળી રહે. આ ઉપરાંત હોસ્પિટલોમાં પીડિયાટ્રિક (બાળરોગ) અને મેડિસિન વિભાગના સંકલન દ્વારા દર્દીઓની ખાસ કાળજી લેવામાં આવે છે. જેના ભાગરૂપે રાજ્યની મુખ્ય હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા થેલેસેમિયા દર્દીઓમાં પી.ડી.યુ. હોસ્પિટલ - રાજકોટમાં ૪૮૪ દર્દીઓ, જી.જી. હોસ્પિટલ - જામનગરમાં ૩૭૦ દર્દીઓ, સર ટી. હોસ્પિટલ - ભાવનગરમાં ૧૬૬ દર્દીઓ, સિવિલ હોસ્પિટલ - અમદાવાદમાં ૧૯૫ દર્દીઓ, નવી સિવિલ હોસ્પિટલ - સુરતમાં ૯૮ દર્દીઓ તેમજ એસ.એસ.જી. હોસ્પિટલ-વડોદરામાં ૩૯ દર્દીઓ ગુજરાતની વિવિધ હોસ્પિટલોમાં હાલ નોંધપાત્ર સંખ્યામાં દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થેલેસેમિયાના બે પ્રકાર છે. જેમાં થેલેસેમિયા માઈનર (કેરિયર): વ્યક્તિ સ્વસ્થ રહે છે અને કોઈ ખાસ લક્ષણો દેખાતા નથી કે સારવારની જરૂર પડતી નથી. ૨.થેલેસેમિયા મેજરઃ આ એક ગંભીર સ્થિતિ છે, જેમાં બાળકને જીવનભર નિયમિત બ્લડ ટ્રાન્સફ્યુઝનની જરૂર પડે છે. થેલેસેમિયા મેજર બાળકના જન્મને અટકાવવા માટે લગ્ન પહેલાં અથવા ગર્ભાવસ્થાની શરૂઆતમાં સી.બી.સી. (CBC) ટેસ્ટ દ્વારા સ્ક્રીનિંગ કરાવવું અનિવાર્ય છે. આરોગ્ય વિભાગ દ્વારા કિશોરો, યુવાનો અને સગર્ભા સ્ત્રીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આશા વર્કર્સ અને આરોગ્યકર્મીઓ દ્વારા શેરી નાટકો, પોસ્ટર્સ અને સેમિનાર દ્વારા આ ગંભીર બીમારી અંગે લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. રાજ્યના તમામ નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ખાસ કરીને યુવાનોને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા દ્વારા અપીલ કરવામાં આવી છે કે, તેઓ 'થેલેસેમિયા મુક્ત ગુજરાત' અભિયાનમાં સહભાગી બને અને પોતાનો ટેસ્ટ કરાવી સુરક્ષિત ભવિષ્યનું નિર્માણ કરે.

